# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

## જા.ક્ર:- ૧૦/૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી)ની તા.૦૭/૦૫/૨૦૨૩ના રોજ યોજાનાર સ્પર્ધાત્મક પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ કરવા અંગેની જાહેરાત

જાહેરાત ક્રમાંક ૧૦/૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા તા.૦૭-મે-૨૦૨૩ ના રોજ યોજવામાં આવનાર છે. આ પરીક્ષા માટે નીચે દર્શાવ્યા મુજબના સમયગાળા દરમ્યાન ઉમેદવારે પોતાના પ્રવેશપત્ર-કમ-હાજરીપત્રક (કોલલેટર/હોલ ટીકીટ) અને તેની સાથેની ઉમેદવારો માટેની સુચનાઓ ઓજસ વેબસાઇટ https://ojas.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી,પ્રિન્ટ કરી મેળવી લેવાના રહેશે.

| જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ | પરીક્ષાની તારીખ | પરીક્ષાનો સમય | કોલલેટર/ હોલટીકીટ/પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાનો સમયગાળો | |
|---|---|---|---|---|---|
| | | | | From | To |
| ૧૦/૨૦૨૧-૨૨ | ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) | તા.૦૭-૦૫-૨૦૨૩ (રવિવાર) | ૧૨-૩૦ કલાક થી ૧૩-૩૦ કલાક | તા.૨૭-૦૪-૨૦૨૩ (ગુરૂવાર) બપોરે ૧૩-૦૦ કલાકથી | તા.૦૭-૦૫-૨૦૨૩ (રવિવાર) ૧૨-૩૦ કલાક સુધી |

(૧) ઉમેદવારે કોલલેટર/પ્રવેશપત્ર ઉપરની તેમજ તેની પાછળ આપેલ સુચનાઓ ધ્યાનપૂર્વક વાંચી, તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
(૨) જે ઉમેદવારે ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) સંવર્ગની તા.૦૭/૦૫/૨૦૨૩ની સ્પર્ધાત્મક પરીક્ષા આપવા માટે ઓજસ વેબસાઇટ ઉપર ઓનલાઈન સંમતિ ફોર્મ ( Consent form ) ભરેલ છે, તેવા જ ઉમેદવારો પોતાનો આ પરીક્ષા માટેનો કોલલેટર ડાઉનલોડ કરી શકશે.
(૩) ઉપરોકત રીતે, ઉપરોકત સમયગાળામાં ડાઉનલોડ કરેલ કોલલેટર/પ્રવેશપત્રની પ્રિન્ટ નકલ અને પોતાની ઓળખના અસલ પૂરાવા સિવાય પરીક્ષાના દિવસે પરીક્ષા કેન્દ્ર ખાતે ઉમેદવારને પ્રવેશ મળશે નહિ, તેની દરેક ઉમેદવારે ખાસ નોધ લેવી.

“મંડળના આદેશાનુસાર”

તા. ૨૬-૦૪-૨૦૨૩

સચિવ